ॐ

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ – ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રાંત

તિથિ : મહાવદ છઠ

દિનાંક : ૦૧/૦૩/૨૦૨૪

પરમ સ્નેહી શ્રી..........................................

**સસ્નેહ નમસ્કાર.**

આપણા સંઘકાર્યના વિકાસ અને વિસ્તારનો મુખ્ય આધાર કુશળ અને પ્રશિક્ષિત કાર્યકર્તાઓ છે. આવા કાર્યકર્તાઓનાં નિર્માણમાં સંઘ શિક્ષા વર્ગોનું વિશેષ મહત્વ છે. આ વર્ષે ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘ શિક્ષા વર્ગ (વિશેષ) નું આયોજન ઉનાળાની રજાઓમાં કરવામાં આવેલ છે. આ વર્ગમાં આપ અપેક્ષિત છો. અવશ્ય ઉપસ્થિત રહેશો. વર્ગ માટેની અન્ય આવશ્યક સૂચનાઓ નીચે પ્રમાણે છે.

## સંઘ શિક્ષા વર્ગ (વિશેષ)

સમયાવધિ : વૈશાખ સુદ નવમી થી વૈશાખ વદ નવમી, યુગાબ્દ ૫૧૨૬

દિ. ૧૭ મે ૨૦૨૪, શુક્રવાર બપોરના ૧૨:૦૦ કલાક સુધી વર્ગ સ્થાન પર પહોચવું.

દિ. ૦૧ જુન ૨૦૨૪, શનિવાર સાયંકાલ દીક્ષાંત પછી વર્ગ પૂર્ણ થશે. સાયં ભોજન પછી જઈ શકાશે.

શુલ્ક : રૂ. ૧૦૦૦/- (વિશેષ સહયોગ કરી શકાય)

પ્રવેશપાત્રતા :

- ❖ ઉમર ૪૦ વર્ષ પૂર્ણ થી ૬૫ વર્ષ સુધીના સ્વયંસેવકો (દિ.૧૮/૦૫/૧૯૫૮ થી ૧૭/૫/૧૯૮૩ સુધીમાં જન્મ થયેલ હોવો જોઈએ)
- ❖ પ્રાથમિક શિક્ષા વર્ગ શિક્ષિત અને ગટનાયક થી લઈને ઉપરના દાયિત્વમાં ન્યૂનતમ એક વર્ષ થી સક્રિય.
- ❖ ગણવેશ (દંડ સહિત) લઈને આવવું.
- ❖ (૧)"**ડૉ.હેડગેવાર**" લેખક પ્ર.ગ. સહસ્ત્રબુદ્ધે તથા (૨) "**સંઘ ઔર સ્વતંત્રતા સંગ્રામ**" લેખક નરેન્દ્ર સહગલ, પુસ્તકનું વાચન કરીને આવવું.

**શારીરિક યોગ્યતા :** સમતામાં પૂરસ્સર / પ્રતિસર, સ્થિર વર્તન, સૂર્ય નમસ્કાર તથા દંડમાં શિરમાર, પ્રહાર માર આવડવા જોઈએ.

**બૌદ્ધિક યોગ્યતા :** પ્રાર્થના તથા એક ગીત કંઠસ્થ કરવું જરૂરી છે.

**વર્ગસ્થાન : સંસ્કારધામ, બોપલ ઘૂમા રોડ, કર્ણાવતી**

**સંપર્ક સુત્ર : શ્રી સુનીલભાઈ ગોઠલ : (M) 8758404434**

**નોંધ : સંઘ શિક્ષા વર્ગના સ્થાન પર પહોચવા માટે BUS ની જાણકારી**

AMTS: : સારંગપુર / ગીતામંદિર to ઘૂમા AMTS BUS રૂટ નંબર 49

- ❖ રાયપુર (ગીતામંદિર) to ઘૂમા AMTS રૂટ નંબર 153/3

BRTS : મણિનગર to ઘૂમા BRTS રૂટ નંબર 1D

- ❖ BRTS માં કોઈ પણ સ્થાન ઉપર થી શિવરંજની અથવા ઇસ્કોન પહોચવું ત્યાંથી ઘૂમા ની બસ મળશે.

ભવદીય

બાળાસાહેબ ચૌધરી

(ક્ષેત્ર કાર્યવાહ)

# અન્ય સૂચનાઓ

- ❖ ગણવેશ ઉપરાંત પ્રભાત સંઘ સ્થાન માટે એક જોડી ચડ્ડી (ઢીંચણ થી ઉપર સુધીની ખાખી કે અન્ય રંગની) અને શર્ટ/ટી-શર્ટ સાથે લાવવું જરૂરી છે.(બરમુડા પ્રકારની ઈલાસ્ટીક કે નાડાવાળી ચડ્ડી લાવવી નહીં.)
- ❖ પોતાના માટે આવશ્યક ઓઢવાનું, પાથરવાનું, થાળી, વાટકો, ગ્લાસ, નોટબુક, પેન, નાહવા-ધોવાનો તથા દાઢીનો સામાન, ગણવેશના બુટ, પોલીશ માટેનું બ્રશ, પોલીશની ડબ્બી તેમજ નિયમિત લેતા હોય તેવી દવાઓ પર્યાપ્ત માત્રામાં સાથે લઈને આવવું.
- ❖ ગીત ગાવાનો અભ્યાસ છે તેવા શિક્ષાર્થી બંધુઓ બૌદ્ધિક વિભાગ સૂચન કરે એ ગીતો કંઠસ્થ કરીને વર્ગમાં આવે જેથી બૌદ્ધિક વર્ગમાં વૈયક્તિક ગીત ગાવામાં ઉપયોગી બનશે.
- ❖ કિંમતી વસ્તુઓ જેવીકે સોનાના દાગીના, મોબાઈલ ફોન, કેમેરા વગેરે સાથે લાવવાં નહીં. લાવ્યા હશે તો જમા કરાવવાના રહેશે.
- ❖ સંઘ શિક્ષા વર્ગમાં આપણે સૌ સંઘકાર્યની સાધના કરવા માટે આવવાના છીએ. સાધનાના આ સમય દરમિયાન વર્ગમાંથી દૂરભાષ કરવાની વ્યવસ્થા રહેશે નહીં આ વાત ખાસ ધ્યાનમાં રાખવી. અનિવાર્ય હશે તો દૂરભાષથી આવેલ સંદેશ શિક્ષાર્થીને પહોંચાડવામાં આવશે.
- ❖ વર્ગસ્થાન પર સંઘ સાહિત્ય ઉપલબ્ધ રહેશે. તે માટે જરૂરી રોકડ રકમ લાવવી ઉપયોગી રહેશે.
- ❖ પોતાની વ્યક્તિગત માહિતીનું પત્રક ભરીને જે તે જિલ્લા કાર્યવાહને દિ. ૩૦ – એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં જમા કરાવવાનું રહેશે.
- ❖ વૈદ્યકીય પરીક્ષણ પોતાના સ્થાનેથી કરાવીને આવવું. વર્ગ પ્રારંભમાં પ્રમાણપત્ર જમા કરાવવું અનિવાર્ય છે.